# અરવલ્લી-સાબરકાંઠામાં ૭ કેન્દ્રો પર ટેકાના ભાવે તુવેર ખરીદાશે

## મોડાસા, ધનસુરા, બાયડ સહિત અરવલ્લીમાં ત્રણ અને સાબરકાંઠામાં હિંમતનગર, ખેડબ્રહ્મા, વડાલી, ઇડરનો સમાવેશ

મોડાસા, તા.૧૯

આ વર્ષે કઠોળની મબલખ આવકના પગલે ખુલ્લા બજારમાં ચણા-તુવેરના ભાવો તળિયે બેસી જતા તુવેર પકવતા કિસાનોને તુવેરના પોષણક્ષમ ભાવ મળે અને ભાવોનું રક્ષણ મળે તે શુભાષયથી અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લાઓમાં આજે ૨૦મીથી ૭ કેન્દ્રો શરૂ કરીને ટેકાના મણના રૂ.૧૦૧૦ ના ભાવે તુવેર ખરીદી કરાશે.

સાબરકાંઠા જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘના ચેરમેન જયંતીભાઈ વી. પટેલે કરેલી જાહેરાત મુજબ આજે તા.૨૦.૧.૧૭ થી અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લાઓમાં તુવેર ટેકાના રૂ. ૧૦૧૦ના ભાવે ખરીદી કરવા ૭ કેન્દ્રો શરૂ કરી રહ્યા છીએ. અગાઉ મગફળીની પણ ટેકાના ભાવે ખરીદી કરી ખેડૂતોને ભાવનું રક્ષણ આપવા પ્રયાસ કરતા કરોડોની મગફળી ખરીદી હતી.

જ્યારે આજે કઠોળના ભાવો નીચા જતા બંને જિલ્લાના કિસાનોને બજારે તુવેરનો ભાવ મળતો ન હોઈ સરકારે જાહેર કરેલા ટેકાના ભાવે જે કેન્દ્રો ઉપર તુવેર ખરીદી શરૂ કરાઈ રહી છે તેમાં અરવલ્લીમાં મોડાસા, ધનસુરા અને બાયડ જ્યારે સાબરકાંઠામાં હિંમતનગર, વડાલી, ઈડર, ખેડબ્રહ્મા ખાતે મળી સાત ખરીદ કેન્દ્રો ઉપર આજે તુવેરની ટેકાના ભાવે ખરીદી શરૂ થશે જેનો લાભ લેવા તુવેર પકવતા ખેડૂતોને જણાવાયું છે.

# ખેડબ્રહ્મા કોલેજના વિદ્યાર્થીઓએ ગ્લોબલ ટ્રેડ શૉ ની મુલાકાત લીધી

ખેડબ્રહ્મા, તા. ૧૯

ખેડબ્રહ્માની આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના વિદ્યાર્થીઓએ તાજેતરમાં ગાંધીનગરમાં આયોજીત વાઈબ્રન્ટ સમિટ ગ્લોબલ ટ્રેડ શૉની મુલાકાત લીધી હતી.

કોલેજના એન.એસ.એસ. વિભાગના ઉપક્રમે વિદ્યાર્થીઓએ સમિટમાં એજ્યુકેશનલ હોલમાં જઈને કે.સી.જી.ના ડાયરેક્ટર ડૉ. ગુરૂદત્ત જપીના માર્ગદર્શન હેઠળ વિવિધ યુનિવર્સિટીઓના સ્ટોલની મુલાકાત લીધી હતી અને ચાલતા અભ્યાસક્રમો અને વિદ્યાર્થીઓને મળતી સુવિધાઓ વિશે જાણકારી મેળવી હતી.

આ ઉપરાંત વિદ્યાર્થીઓએ અલગ અલગ થીમ પેવેલિયનોની પણ મુલાકાતો લીધી હતી. ઈન્ડિયન આર્મ્ડ ફોર્સમાં આર્મીના વિવિધ હથિયારોનું પ્રદર્શન નિહાલ્યુ હતુ. બીએસએફના બેન્ડની સુરાવલીઓથી વિદ્યાર્થીઓ મંત્રમુગ્ધ બન્યા હતા. ક્રાફ્ટ ઝોનમાં તેમણે ગુજરાતના કલા-કારીગરોની હાથકારીગરી પણ જોવા-જાણવા મળી હતી. તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમો નિહાળવાની સાથે ગુજરાત સરકારના આ આયોજનથી વિદ્યાર્થીઓ પ્રભાવિત થયા હતા. આ મુલાકાતનું આયોજન કોલેજના પ્રિન્સિપાલ એન.ડી. પટેલના માર્ગદર્શન હેઠળ યોજવામાં આવી હતી.

# પાલનપુરમાં ગુણોત્સવની સમીક્ષા બેઠક યોજાઈ

પાલનપુર, તા.૧૯

પાલનપુર મુકામે કલેક્ટર જેનુ દેવનના અધ્યક્ષસ્થાને ગુણોત્સવ કાર્યક્રમની સમીક્ષા બેઠક યોજાઈ હતી. પ્રાથમિક શાળાઓમાં ભણતા બાળકોને કેવું શિક્ષણ મળે છે તેની ચકાસણી માટે સમગ્ર રાજયની



સાથે બનાસકાંઠા જિલ્લામાં તા.૧૬ થી ૧૮ દરમ્યાન ગુણોત્સવનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ત્રણ દિવસ સુધી મંત્રીશ્રીઓ અને ઉચ્ચ અધિકારીઓએ પ્રાથમિક શાળાઓમાં જઈ શિક્ષણની ગુણવત્તાની ચકાસણી કરી હતી.

ગુણોત્સવ કાર્યક્રમની સમીક્ષા બેઠકમાં અધિકારીઓએ ગુણોત્સવ દરમ્યાન સામે ઓવલ પ્રશ્નોની માહિતી આપી બાળકોના શૈક્ષણિક સહિત સર્વાંગી વિકાસ માટે શું કરી શકાય તેના સુચનો પણ કર્યા હતા. કલેક્ટર જેનુ દેવને જણાવ્યું હતુ કે બાળકો નિયમિત નાઈ-ધોઈ સ્વચ્છ થઈ શાળાએ આવે તે માટે શિક્ષકો પુરતી કાળજી રાખે તે જરૂરી છે. તેમણે પ્રજ્ઞા વર્ગ દ્વારા કરવામાં આવતી શૈક્ષણિક કામગીરી અંગે, ટોયલેટનો ઉપયોગ, દિકરીઓ માટે બંધ બારણાના શૌચાલય, લેખન-વાંચન વધારવા તથા બાળકોની જાતિ જાહેર બોર્ડ પર લખવી નહી વગેરે સુચનો કર્યા હતા. કલેકટરશ્રીએ બાળકોમાં આત્મવિશ્વાસ પેદા કરવા અને મહત્વાકાંક્ષી બનાવવા અંગે પણ જરૂરી માર્ગદર્શન અને સુચનાઓ આપી હતી. બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી અમિત અરોરા, પ્રાંત અધિકારી આર.આઈ. શેખ, જિલ્લા પ્રા. શિક્ષણાધિકારી ડૉ.દિપક દરજી, ડાયટ પ્રાચાર્ય ચૌધરી, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ.અરૂણ આચાર્ય સહિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### બસને અકસ્માત... ● અનુસંધાન પહેલાનું ચાલુ

તેમણે કહ્યું, હું બાળકોના પરિવારજનો સાથે દુઃખમાં સામેલ છું અને ઘાયલ બાળકો જલ્દી ઠીક થવાની પ્રાર્થના કરું છું. તંત્ર દ્વારા રજાનો આદેશ આપવામાં આવ્યો હોવા છતાં સ્કુલ ચાલુ હતી. ધુમ્મસને કારણે દુર્ઘટના બની હોવાનું માનવામાં આવી રહ્યું છે. વડાપ્રધાન મોદીએ ટ્વિટ કરીને દુઃખ વ્યક્ત કર્યું છે. પોલીસના જણાવ્યા મુજબ બસ પરમીટ વગર દોડી રહી હતી.બસ જેએસ પબ્લિક સ્કુલની છે. બસમાં કેજીથી લઈ સાતમા ધોરણ સુધીના બાળકો હતા. અનેક બાળકોની હાલત ગંભીર ગણાવવામાં આવી રહી છે. ગંભીર રીતે ઘાયલ થયેલા બાળકોને અલીગઢ મોકલવામાં આવ્યા છે. ઘટનાસ્થળ પર ડીએમ શંભુનાથ, એસએસપી સહિત અનેક ઓફિસરો પહોંચી ચુક્યા છે. ડીજીપી જાવીદ અહમદ શંભુનાથ એસએસપી સહિત અનેક ઓફિસરો પહોંચી ચુક્યા છે. ડીજીપી જાવીદ અહમદ ટ્વિટ કરીને કહ્યું છે કે એટામાં સડક દુર્ઘટના થઈ છે. બચાવ કામગીરી ચાલુ છે. ટ્રકનો ડ્રાઈવર ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો છે. એસડીએમ મોહન સિહ મુજબ સહકારી હોસ્પિટલમાં ૨૦-૨૫ બાળકો ભરતી છે. ૧૫ બાળકો ભરતી છે. ૧૫ બાળકો એક પ્રાઈવેટ નર્સિંગ હોમમાં જ્યારે ત્રણ બાળકોને તેમના વાલી સારવાર માટે બીજી હોસ્પિટલમાં લઈ ગયા છે. કેટલાક ઘાયલોને આગરા અને અલીગઢ મોકલવામાં આવી રહ્યા છે. ડીએમ શંભુનાથે જણાવ્યું કે, દુર્ઘટનાનું કારણ ધુમ્મસ હોઈ શકે છે. કારણ કે સવારે આ વિસ્તારમાં વિઝિબિલિટી ખુબ ઓછી હતી.

# રેલ્લાવાડા બેંકમાં રૂપિયા ન મળતા ઉશ્કેરાયેલા ગ્રામજનો દ્વારા બેંકની તાળાબંધી




## પુરતી રકમ ન મળતા કંટાળેલી પ્રજાએ શટર પાડી હોબાળો મચાવી કર્મચારીઓને અંદર પુરી દીધા

મોડાસા, તા. ૧૯

મેઘરજ તાલુકાના રેલ્લાવાડા ગામે આવેલ સાબરકાંઠા ડિસ્ટ્રીક કો.ઓ. બેંકમાં છેલ્લા કેટલાક સમયથી પુરતા નાણાં ન મળતાં રોષે ભરાયેલી પ્રજાએ હોબાળો મચાવી તાળાબંધી કરી દીધી હતી. રેલ્લાવાડા ખાતે આવેલ સાબરકાંઠા ડિસ્ટ્રીક કો.ઓ. બેંકમાં આ વિસ્તારની ૨૦ થી વધુ દૂધ મંડળીઓનો પગાર જમા થાય છે.

નોટબંધી બાદ દૂધ ઉત્પાદકોની પગાર સીધો બેંકમાં જમા થતો હોવાથી પૈસાની લેવડદેવડ માટે બેંક આગળ વહેલી સવારથી જ લાઈનો લાગી જતી હતી. કેટલાક દિવસો અને કલાકો સુધી આ વિસ્તારના પશુપાલકો લાઈનોમાં ઉભા રહ્યા બાદ પણ પુરતી રકમ ન મળતા રોષે ભરાયા હતા. રોષે ભરાયેલા પશુપાલકોએ બુધવારના રોજ બેંકમાં હોબાળો મચાવ્યો હતો અને બેંકના કર્મચારીઓને બેંકમાં જ પુરી દીધા હતા. ઘટનાની જાણ થતાં પોલીસ ઘટનાસ્થળે આવી પહોંચી હતી અને પોલીસે મામલો થાળે પાડ્યો હતો.

### પ્રકાશભાઈ ઉપાધ્યાયની આઈએટીએમ (દિલ્હી) નેશનલ એડવાઝર બોર્ડમાં સભ્યપદે નિયુક્તિ

મોડાસા, તા. ૧૮

ઈન્ટરનેશનલ એન્ટી ટેરેરિઝમ મૂવમેન્ટ દિલ્હીથી ગુજરાત પ્રદેશ મહામંત્રી પ્રકાશચંદ્ર વિઠ્ઠલદાસ



ઉપાધ્યાય (સાકરિયાવાળા)ની નિમણૂંક ઈન્ટરનેશનલ એન્ટી ટેરેરિઝમ મુવમેન્ટ નેશનલ એડવાઝર બોર્ડના મેમ્બર તરીકે આઈ.એ.ટી.એમ. દિલ્હીના ચીફ પેટર્ન, સંસદ સભ્ય, રાષ્ટ્રીય ભાજપના ઉપ પ્રમુખ શ્યામ જાજૂજીની ભલામણથી નેશનલ મહાસચીવ આઈ.એ.ટી.એમ. અમન રાજપૂત ખાન (દિલ્હી) દ્વારા થયેલ છે.

### મહેસાણામાં ગ્રામીણ અને ટપાલ જીવન વીમાના એજન્ટ માટે રૂબરૂ મુલાકાત યોજાશે

મહેસાણા, તા.૧૯

મહેસાણા જિલ્લા સુપ્રી ઓફ પોસ્ટ ઓફિસીસ મહેસાણા ખાતે ૨૪ જાન્યુઆરીના રોજ સવારે ૧૧-૦૦ કલાકે ટપાલ જીવન વીમા તથા ગ્રામીણ ટપાલ જીવન વીમાના એજન્ટ માટે રૂબરૂ મુલાકાત યોજાનાર છે. ધોરણ ૧૦ કે તેથી વધુ અભ્યાસ કરેલ હોય તેમજ ૧૮ થી ૪૫ વર્ષની વય ધરાવતા ઉમેદવારોએ અસલ પ્રમાણપત્રો સાથે હાજર રહેવાનું રહેશે. એજન્ટ તરીકે કામ કરવા ઈચ્છતા ઉમેદવારો બીજી કોઈ વીમા કંપનીના એજન્ટ હોવા જોઈએ નહી તેમજ એજન્ટ તરીકે કરેલ કામગીરી પર કમીશન મળવાપાત્ર છે જેમાં પગાર આપવામાં આવશે નહી તેમ સુપ્રી. ઓફ પોસ્ટ ઓફીસીસ મહેસાણાની અખબારી યાદીમાં જણાવાયું છે.

### મહેસાણા જિલ્લા કક્ષાની નેશનલ ગર્લ્સ ચાઈલ્ડ ડે ની ઉજવણી કરાશે

મહેસાણ જિલ્લા કક્ષાની નેશનલ ગર્લ્સ ચાઈલ્ડ ડેની ઉજવણી રોટરી ક્લબ જેલ રોડ મહેસાણા ખાતે ૨૪ જાન્યુઆરીના મંગળવારના રોજ સવારે ૧૦-૦૦ કલાકે કરવામાં આવનાર છે. આ કાર્ય શિબિરમાં જિલ્લા કલેકટકર આલોક કુમાર, જિલ્લા વિકાસ અધિકારી એસ.કે. લાંગા સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહેશે.

# પ્રાંતિજમાં ટીડીઓના ચાર્જમાં રહેલ અધિકારી સામે તાલુકાનાં ગ્રામજનો દ્વારા તપાસની માંગ

## ચાર્જનો દુર ઉપયોગ કરી નોટો છાપે છે : હપ્તાની લ્હાયમાં તંત્ર બધું જાણતું હોવા છતાં પ્રેક્ષક બનીને નિહાળી રહ્યું છે

પ્રાંતિજ, તા.૧૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ તાલુકા પંચાયતમાં છેલ્લાં કેટલાય સમયથી તાલુકા વિકાસ અધિકારીની જગ્યા ચાર્જ ઉપર છે અને ચાર્જમાં રહેલ અધિકારી દ્વારા ભ નામના મધપુરાના જેવી તાલુકાનાં વિકાસની જગ્યાએ તાલુકાના લોકો જોડે તથા સરપંચો સહિત કોન્ટ્રાકટરો, કર્મચારીઓ તથા તાલુકાનાં લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે અને ચાર્જમાં રહેલ અધિકારી સામે તપાસની માંગ ઉઠવા પામી છે.

પ્રાંતિજ ખાતે જિલ્લા વિકાસ અધિકારીની જગ્યા ખાલી હોવાથી તે માત્ર ચાર્જ ઉપર ચાલે છે ત્યારે નિયમોને નેવે મુકી પ્રાંતિજ તાલુકાનાં જ વતની એ.જી. પટેલ ને ચાર્જ આપવામાં આવ્યો છે ત્યારે આ ચાર્જ માં રહેલ અધિકારી દ્વારા તંત્ર ની મહેરબાનીથી માત્ર વિકાસ ના કામોને બાજુમાં મુકીને હાલતો બન્ને હાથે નોટો છાપી રહ્યાં છે અને તાલુકાના લોકો દ્વારા અવાર નવાર રાહ ઉઠવા છતાં તંત્ર દ્વારા આંખ આડા કાન કરી પ્રેક્ષક બની હાલતો નળી આંખે જોવે છે ત્યારે તાલુકાનાં વિકાસ માટે આવતી ગ્રાન્ટોમાં પણ સરપંચો જોડે મોઢું ફાડીને મોહ માંગી રકમ પડાવે છે ત્યારે તાલુકાની જનતા દ્વારા હાલ તો પ્રાંતિજમાં ટીડીઓના ચાર્જમાં રહેલ અધિકારી સામે તપાસની માંગ ઉઠવા પામી છે ત્યારે શું તંત્ર ખરેખર તપાસ કરશે કે પછી નાટયાત્મક રીતે જગ્યા ઉપર બીજાને ચાર્જ આપવામાં આવશે એ તો હવે જોવાનું રહ્યું.

# મોઢેરા સૂર્યમંદિર ખાતે જાન્યુઆરીના અંતે ઉત્તરાર્ધ મહોત્સવ યોજાશે

મહેસાણા, તા.૧૯

મહેસાણા જિલ્લામાં સુપ્રખ્યાત મોઢેરા સુર્યમંદિર ખાતે ૨૮ અને ૨૯ જાન્યુઆરીના રોજ ઉત્તરાર્ધ મહોત્સવ યોજાનાર છે. આ મહોત્સવ સંદર્ભે જિલ્લા કલેકટર આલોક કુમારના અધ્યક્ષ સ્થાને બેઠક યોજી તૈયારી સંદર્ભે સમીક્ષા કરી હતી. ઉત્તરાર્ધ મહોત્સવમાં રાજ્ય બહારના કલાકારોમાં અલ્પના નાયક દિલ્હી (ઓડીસી), ક્ષિતિજા બર્વે (મુંબઈ-ગોવા) અને શ્રવરણ માલ્યા ગણેશ ચેન્નઈ (ભરત નાટ્યમ) રજુ કરશે.

રાજ્યના કલાકારોમાં શ્રીમતી ભૈરવી હેમંત કૂચીપુડી, બિનલ નેહલ મહેતા, રાધિકા મારફતીયા, આભા દેસાઈ અને કૃપાલ સોમપુરા કથ્થક નૃત્ય રજુ કરશે. આ ઉપરાંત ખમ્પા પરાગ શાહ, શિવાંગી વિક્રમ, મીરા નિગમ ઉપાધ્યાય અને રૂચા ભટ્ટ ભરત નાટ્યમ રજુ કરનાર છે. મહોત્સવમાં સ્પંદન સંસ્થા વડોદરાના બાળકો ગણેશ વંદના કાર્યક્રમ રજુ કરશે.

મહોત્સવની તૈયારી સંદર્ભે જિલ્લા કલેકટર આલોક કુમાર દ્વારા વિવિધ વિભાગોને જરૂરી સુચના અપાઈ હતી. સ્ટેજ વ્યવસ્થા, મંડપ વ્યવસ્થા, આમંત્રણ પત્રિકા, કલાકારોની વ્યવસ્થા સહિતની તમામ આનુષંગિક વ્યસ્થાઓ પર ચર્ચા કરાઈ હતી. બેઠકમાં અધિક કલેકટ રમેશ મેરજા, પ્રાન્ત અધિકારી એચ.એસ.પટેલ સહિત સંલગ્ન અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### મગરનો મૃતદેહ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જયારે આ મામલે વનતંત્રને પણ જાણ કરવામાં આવી હતી. પરંતુ વનતંત્ર દ્વારા આ મામલે ધ્યાન ન અપાતા કેનાલ વિસ્તારમાં મગરના મામલે આગળ તપાસ થઈ શકી ન હતી. જયારે આજે કેનાલ વિસ્તારમાંથી મગરનો મૃતદેહ મળી આવતા પોલીસની શંકા સાચી હોવાનુ પણ અનુમાન બંધાઈ રહયુ છે. મેદરા કેનાલમાં આજે અચાનક જ વિશાળકાય મગરના મૃતદેહના લીધે સ્થાનિક ગ્રામજનોમાં પણ ભયની સાથે તરહ તરહના વિતર્કો ઉભા થયા હતા. જયારે પાણીમાં જ મગરના મૃતદેહ મળી આવતા મગરના મૃત્યુ અંગે પણ પ્રાથમિક તબક્કે શંકા ઉપજે તેવુ ચિત્ર સ્પષ્ટ થયુ છે. મગરના મૃતદેહને ગ્રામજનો દ્વારા બહાર કઢાયા બાદ સાંજે વનતંત્રની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી. મગરના મૃતદેહનુ પી એમ કરાયા બાદ મોતનુ સાચુ કારણ સામે આવશે.

### વળતરની દરખાસ્ત...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બપોરે બાર વાગે શરૂ થયેલી સામાન્ય સભામાં કોંગ્રેસના નેતા શૈલેન્દ્રસિંહ બિહોલાએ દરખાસ્તની ચર્ચાનો આરંભ કરતા જણાવ્યું હતું કે ૦.૫૦ ટકા નહિ પણ ૫ ટકા સુધી વળતર આપવામાં આવે તેવી સુધારા સાથેની દરખાસ્ત મંજૂર કરવાની તૈયારી બતાવી હતી.

બિહોલાએ જણાવ્યુ કે કેશલેસ પેમેન્ટમાં ટ્રાન્સફર ટ્રાઝેકશન ચાર્જ કોણ ભોગવશે તેની દરખાસ્તમાં વિગતો નથી એટલે દરખાસ્ત અધુરી છે. તેમણે એમ પણ કહ્યુ હતુ કે સરકારને માત્ર ખુશ કરવા માટે આ દરખાસ્ત લાવવામાં આવી હોય તેવુ પ્રથમ દ્રષ્ટિએ લાગે છે. આ દરખાસ્તથી સામાન્ય માનવીને કોઈ ફાયદો થવાનો નથી. તેમણે વળતરની વાતમાં જે દર સૂચવાવમાં આવ્યો છે તે સામાન્ય માનવી માટે મજાક હોય તેવુ લાગે છે તેથી આ દર પાંચ ટકા હોવો જોઈએ તેવી ઉગ્ર રજુઆત કરી હતી. કોંગીના જીતુ રાયકાએ પણ આ સૂરમાં સૂર પૂરાવી અને દરખાસ્ત પાંચ ટકા વળતરની રાખવાનો આગ્રહ કર્યો હતો.

ભાજપના કાર્તિક પટેલે એડવાન્સ ટેક્સ ભરે તેને મળતા ૧૦ ટકા ઉપરાંત આ વળતર મળશે કે કેમ ? તે જાણવા માગ્યુ હતુ તો ધીરૂભાઈ ડોડિયાએ ખુલ્લા મને ચર્ચા કરવાનો આગ્રહ કર્યો હતો.

જ્યારે સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન મનુભાઈ પટેલ અને નીતિન પટેલે આ દરખાસ્ત પર વધુ અભ્યાસ માટે અને અન્ય મનપામાં શુ અપાય છે તેની વિગતો જાણવા સમયની માંગ કરી દરખાસ્ત મુલ્તવી રાખાવમાં આવે તેવો આગ્રહ કર્યો. મેયર પ્રવિણ પટેલે દરખાસ્ત મુલ્તવી રાખવાની જાહેરાત સાથે સભા પૂર્ણ થયાનું જાહેર કર્યું હતું.

ચર્ચા દરમ્યાન ડે. મ્યુનિ. કમિશનરે ટ્રાન્સફર ટ્રાઝેકશનનો ચાર્જ જીએમસી ઉપાડશે તેવી સ્પષ્ટતા કરી હતી તેમજ વળતર ૧૦ ટકા રિબેટ ઉપરાંત એડવાન્સ ટેક્સ ભરનારને અપાશે તેમ જણાવ્યુ હતુ પરંતુ સભ્યોએ અસહમતિ દર્શાવતાં ભાજપમાં કંઈક ચાલી રહ્યાનું જણાઈ આવતુ હતુ.

# ટ્રકમાં ભરેલ ૧૫ લાખના વિદેશી દારૂ સાથે હરિયાણાના બે શખ્સોની અટકાયત

## વિદેશી દારૂ અને ટ્રક મળી ૨૫ લાખનો મુદ્દામાલ કબજે લઈ પોલીસે વધુ તપાસ હાથ ધરી

મોડાસા, તા. ૧૯

અરવલ્લી જિલ્લામાં શામળાજી પાસેના વેણપુરની સીમમાંથી પસાર થતી ટ્રકમાં ભરેલ રૂ. ૧૫ લાખના વિદેશી દારૂના જથ્થા સાથે હરિયાણાના બે શખ્સોની અટકાયત કરી શામળાજી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

શામળાજી પોલીસ મથકના આ.પો.કો. જગદીશભાઈ અમૃતભાઈએ નોંધાવેલ ફરિયાદ મુજબ વેણપુર ગામની સીમમાં પસાર થઈ રહેલા હરિયાણા પાસીંગના ટ્રકમાં પ્લાસ્ટીકની પાઈપોની આડમાં સંતાડીને ગેરકાયદેસર અને વગર પાસ પરમીટનો વિદેશી દારૂનો જથ્થો લઈ જવાતો હતો. આ ટ્રકને પોલીસે રોકી તેમાંથી તલાશી લેતા ભારતીય બનાવટની વિદેશી દારૂ તથા બીયરની ૩૩૪ પેટીઓમાં ૪૫૪૬ બોટલો કિંમત રૂ. ૧૦.૦૧,૬૦૦નો જથ્થો મળી આવ્યો હતો. પ્રાપ્ત માહિતી પ્રમાણે આ જથ્થો વડોદરા શહેર ખાતે પહોંચાડવાનો હતો. પરંતુ વેણપુર પાસે જ આ જથ્થાને પોલીસે ઝડપી લીધો હતો.

વિદેશી દારૂની હેરાફેરીમાં ઝડપાયેલા હરિયાણા અસગર આસમહંમદ ખાન અને અબુબકર સદીક આસમહંમદ ખાન (બંને રહે. નાઈ, મહોલ્લા ગલી, તા. પુન્હાના જિ. નુહ, હરિયાણા)ની અટકાયત કરી વિદેશી દારૂ અને ટ્રક મળી રૂ. ૨૫ લાખના મુદ્દામાલ કબજે લઈ શામળાજી પોસઈ આર.ડી. સગરે વધુ તપાસ હાથ ધરી છે.

# અરવલ્લી જિલ્લામાં મોડાસા તાલુકામાં ત્રણ સહિત ત્રણ તાલુકાના પાંચ રોડ માટે બે કરોડ મંજુર

## ટીટોઈથી કુશકી, વરથુ, દધાલીયા, ઉમેદપુર અને ગુજેરી રોડથી ગામનો રોડ મંજુર

મોડાસા, તા. ૧૯

અરવલ્લી જિલ્લામાં મોડાસા તાલુકામાં ત્રણ સીસી રોડ સહિત ૩ તાલુકાના ૫ સીસી રોડ માટે રૂ.૨ કરોડ મંજુર કરવામાં આવ્યા છે. સુવિધાપથ યોજના અંતર્ગત પંચાયત હસ્તકના મંજુર કરાયેલા આ રસ્તાઓના કામના જોબનંબર પણ ફાળવી દેવાયા છે. રાજ્યના નાયબ મુખ્ય મંત્રી નીતિનભાઈ પટેલે ફાળવેલ સીસી રોડની આ રકમ અંગેના હુકમનો પત્ર સાંસદ દિપસિંહ રાઠોડ,ભાજપ પ્રમુખ રણવીરસિંહ ડાભી ઉપરાંત જે તે તાલુકા પ્રમુખોને પણ પાઠવેલ છે તેમાં જણાવ્યા મુજબ મોડાસા તાલુકામાં વરથુ દધાલિયા રોડ ઉપર સીસી રોડ માટે ૪૦ લાખ, ઉમેદપુર (દધાલિયા) એપ્રોચ માટે ૩૨ લાખ અને ગુજેરી એપ્રોચ માટે ૩૨ લાખની રકમ મંજુર કરાઈ છે. જ્યારે ટીટોઈ કુશકી રોડ સીસી રોડ કામગીરી માટે રૂ.૫૦ લાખ, મેઘરજ તાલુકામાં લીંભોઈ અદાપુર માટે પણ રૂ.૫૦ લાખની રકમ મંજુર કરવામાં આવી છે.

આમ મોડાસા તાલુકામાં ત્રણ સીસી રોડ કામ માટે રૂ.૧ કરોડ ચાર લાખ જ્યારે ભિલોડા તાલુકામાં કુશકી થી ટીટોઈ રોડ માટે રૂ. ૫૦ લાખ અને મેઘરજ તાલુકાના લીંભોઈ અદાપુર માટે રૂ. ૫૦ લાખ મળી કુલ ત્રણ તાલુકાના ૫ રોડ માટે રૂ. ૨ કરોડ ચાર લાખ મંજુર કરવામાં આવ્યા છે.



પોલીસ અધિકારી પી.એલ. માલની સુચના તથા માર્ગદર્શન હેઠળ તથા ના.પો.અધિ. સા.ની સુચનાથી અમો પો.સ.ઈ. એ.વી. દેસાઈ તથા ખેડબ્રહ્મા પો.સ્ટે.ના એચસી કનુભાઈ તથા અન્ય સ્ટાફના માણસો વાહન ચેકીંગમાં હતા. દરમ્યાન બસ સ્ટેન્ડ ચાર રસ્તા પાસે સ્પ્લેન્ડર મોક્ષાવાળા ઈસમને મોક્ષામાં કાગળો બાબતે પુછતા ગલ્લાતલ્લા કરતા પો.સ્ટે. લાવી સઘન પુછપરછ કરતા સદરે બાઈક સાથે ખેડબ્રહ્મા પો.સ્ટે.ના ગુ.ર.જી.ને ૩૦-૧૬ આઈ૧.સી. ૩૭૯ના કામે ગયેલ મોક્ષાની કબુલાત કરતા ગુના કામે પકડી કાર્યવાહી હાથ ધરેલ છે. જેમાં હાલમાં કુલ ૪૦,૦૦૦ જેટલો બે બાઈક સાથેનો મુદામાલ રીકવર કરવામાં આવેલ છે. અને વધુ તપાસ હાલમાં ચાલુ છે.

### વિશ્વ વિક્રમ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

વખત યોજાઈ હતી. જેથી ખોડલધામની આ શોભાયાત્રા અત્યાર સુધીની સૌથી લાંબી શોભાયાત્રાના રેકોર્ડમાં સ્થાન પામી છે. અન્ય રેકોર્ડની વાત કરીએ તો, રાજકોટના રેસકોર્સથી કાગવડ સુધી શોભાયાત્રામાં વિવિધ આકર્ષણો તો જોડાયા હતા. ઉપરાંત ૪ હજારની ૧૫૧ બસ, વિવિધ ટેબલો આકર્ષણમાં જોડાયા હતા. એક જ સમાજના લોકો એક સાથે ૪૦ કિલોમીટર સુધી ભાગ લીધો તેવી આ પ્રથમ ઘટના હતી. કાગવડના ખોડલધામ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં આવનારા લાખો ભાવિકો માટે ચાર દિવસ સુધી ભોજનની વ્યવસ્થા કરવામાં આવી છે. આજે બપોરે ૧૨ વાગ્યાથી જ ભોજનશાળામાં ભક્તોનો અવિરત પ્રવાહ ચાલુ હતો. વળી, ભક્તોએ મહાપ્રસાદીનો લાભ લીધો હતો.